## (1) 'Artemis' વિશે સાચાં વિધાન પસંદ કરો.

(1) આ પ્રોજેક્ટ 'નાસા'નો છે.

(2) આ પ્રોજેક્ટ દ્વારા ચંદ્ર પર પ્રથમ મહિલાને મોકલવાનો ઉદ્દેશ છે.

(3) આ પ્રોજેક્ટ 2022માં માણસને ચંદ્ર પર સફળ લેન્ડીંગ કરાવશે.

(4) આ પ્રોજેક્ટમાં ચંદ્રના ઉત્તર ધ્રુવ પાસે એક 'બેઝ કેમ્પ' સ્થાપવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) આપેલ તમામ

(C) માત્ર (1) અને (2)  (D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ 'Artemis' એ નાસાનું ચંદ્ર પરનું મિશન છે કે જેમાં ચંદ્ર પર એક પુરુષ અને સૌપ્રથમ મહિલાને ચંદ્ર પર મોકલવામાં આવશે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ આ પ્રોજેક્ટનો અન્ય ઉદ્દેશ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પાસે એક 'બેઝ કેમ્પ' સ્થાપવાનો પણ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ પ્રોજેક્ટની સમયરેખા મુજબ વર્ષ 2024 સુધીમાં માણસ સફળતાપૂર્વક ચંદ્ર પર લેન્ડ કરી શકશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ પ્રોજેક્ટ અંતર્ગત એક અથવા બે મહિના સુધી ચંદ્ર પર માણસોને રાખવામાં આવશે.

⇛ પ્રોજેક્ટમાં સહયોગ આપનાર અન્ય સંસ્થાઓ :–

- યુરોપિયઅન સ્પેસ એજન્સી
- કેનેડીઅન સ્પેસ એજન્સી
- જાપાન સ્પેસ એજન્સી
- ઓસ્ટ્રેલીઅન સ્પેસ એજન્સી

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) MPLADS વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) 6 એપ્રિલના કેબિનેટના નિર્ણય મુજબ 5 વર્ષ સુધી MPLADS ફંડને સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.
(2) આ ફંડ બંધારણના અનુચ્છેદ 266 સાથે સંબંધ ધરાવે છે.
(3) આ ફંડ વર્ષ 1952થી શરૂ કરવામાં આવ્યું છે.
(4) MPLADSનું પૂરું નામ Members of Parliament Local Area Development Scheme છે.

(A) આપેલ તમામ (B) માત્ર (4)
(C) માત્ર (1) અને (3) (D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ વર્ષ 1993માં MPLADS એટલે કે Members of Parliament Local Area Development Schemeની શરૂઆત કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) સાચું છે. જ્યારે વિધાન (3) ખોટું છે.)
⇛ ફંડ દ્વારા સંસદ સભ્યો પોત–પોતાના મતદાન ક્ષેત્રમાં વિકાસના કાર્યો કરી શકે છે.
⇛ વર્ષ 2011-12થી આ ફંડ હેઠળ દરેક સંસદ સભ્યને દર વર્ષે રૂ. 5 કરોડ મળે છે. વર્ષ 1993-19માં આ રકમ રૂ. 5 લાખ હતી.
⇛ આ ફંડનો બંધારણના કોઈ અનુચ્છેદ સાથે સંબંધ નથી. (આથી, વિધાન (2) ખોટું છે.)
⇛ 6 એપ્રિલના રોજ કેબિનેટ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે નીચે મુજબ છે :
- પ્રધાનમંત્રી તથા અન્ય દરેક સંસદ સભ્યના પગારમાં 30% કપાત કરવામાં આવી છે.
- ઉપરાંત રાષ્ટ્રપતિ, રાજ્યપાલ તથા ઉપરાષ્ટ્રપતિના પગારમાં પણ કપાત કરવામાં આવશે.
- આ સાથે બે વર્ષ (2020-21 તથા 2021-22) સુધી MPLADS ફંડા પણ સસ્પેન્ડ રાખવામાં આવ્યું છે.(આથી, વિધાન (1) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) ‘લાઈફલાઈન ઉડાન’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા આ પહેલ શરૂ કરવામાં આવેલી છે.
(2) જરૂરિયાતના ઉપકરણો તથા દવાઓને સમગ્ર દેશમાં પહોંચાડવા માટેની આ એક પહેલ છે.
(3) આ પહેલમાં ‘ઉડાન’ (ઉડે દેશ કા આમ નાગીરક) હેઠળ આવરી લેવામાં આવેલ શહેરો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.
(4) લોકો એક પોર્ટલના માધ્યમથી ‘લાઈફલાઈન ઉડાન’ની ફ્લાઈટ્સને ટ્રેક પણ કરી શકે છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ એક નવી પહેલ ‘લાઈફલાઈન ઉડાન’ને બહોળી સફળતા મળી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ દેશમાં કોરોના વાયરસ સમક્ષની લડાઈમાં કોઈ વિસ્તારમાં દવાઓની કે ઉપકરણોની અછત ન સર્જાય તે માટે સમગ્ર દેશમાં જરૂરી ઉપકરણો અને દવાઓને પહોંચાડવાનું કાર્ય આ પહેલા દ્વારા કરવામાં આવી રહ્યું છે.(આથી, વિધાન (2) સાચું છે.)

⇛ પરિવહન કરવામાં આવેલી મુખ્ય ચીજ–વસ્તુઓમાં માસ્ક, ગ્લોવઝ, દવાઓ વગેરેનો સમાવેશ થાય છે.

⇛ NIC (National Informatics Centre) દ્વારા એક પોર્ટલ બનાવવામાં આવ્યું છે જેના દ્વારા લોકો ‘લાઈફલાઈન ઉડાન’ની ફલાઈટને ટ્રેક પણ કરી શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ પહેલનો ‘ઉડે દેશ કા આમ નાગરિક’ યોજના સાથે કોઈ સંબંધ નથી.

⇛ આ યોજનામાં ઉત્તર–પૂર્વ તથા લદ્દાખમાં મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) 'CAWACH' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરું નામ 'Centre for Augmenting WAR with COVID-19 Health Crisis' છે.
(2) તેની સ્થાપના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા કરવામાં આવી છે.
(3) IIT-બોમ્બે આ પહેલના અમલીકરણમાં સાથ આપશે.
(4) આ પહેલ હેઠળ 'સ્ટાર્ટ–અપ'ને સહાય આપવામાં આવશે.

(A) માત્ર (1) અને (3) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં 'ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી' દ્વારા 'CAWACH' પહેલ કેન્દ્ર સ્થાપવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ CAWACHનું પૂરું નામ Centre for Augmenting WAR with COVID-19 Health Crisis છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પહેલનું અમલીકરણ IIT-બોમ્બે તથા SINE (Society for Innovation and Entrepreneurship) દ્વારા કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કેન્દ્ર સ્થાપવાનો મુખ્ય ઉદ્દેશ 'સ્ટાર્ટ–અપ'ને વિવિધ સહાય કરવાનો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ COVID-19 સામેની વિવિધ અડચણોને ઉકેલવા માટેના 'ઈનોવેટીવ સોલ્યુશન' આપનાર સ્ટાર્ટ–અપને આ પહેલ હેઠળ સહાય મળે છે.

⇛ આ સ્ટાર્ટ–અપ સામાન્ય રીતે નીચેના ક્ષેત્રોમાં હોવા જોઈએ.

- ચેપ નાશક
- રોગ સારવાર
- શ્વસન સહાય
- રોગ તપાસ
- સેનિટાઈઝર
- પ્રોટેક્ટિવ ગીઅર વગેરે

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

(5) 'નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે 'ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી' હેઠળની એક સ્વાયત સંખ્યા છે.
(2) તેની સ્થાપના વર્ષ 2014માં ગુજરાતના અમદાવાદમાં કરવામાં આવી હતી.
(3) તેની સ્થાપનામાં 'Honey Bee Network'નો પણ ફાળો છે.
(4) તાજેતરમાં આ સંસ્થા દ્વારા C3 (Challenge COVID-19 Competition)ની શરૂઆત કરવામાં આવી છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (4)

⇛ જવાબ :- B

સમજૂતી :

⇛ તાજેતરમાં NIF (નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન) દ્વારા લોકોને C3(Challenge COVID-19 Competition)માં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં છે. આ સ્પર્ધા નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનની જ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સંસ્થાની સ્થાપના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી હેઠળ તથા 'Honey Bee Network'ના સહયોગથી વર્ષ 2000માં અમદાવાદમાં કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે. જ્યારે વિધાન (1) અને (3) સાચાં છે.)

⇛ ટેક્નોલોજીકલ ઈનોવેશનમાં પ્રગતિ કરવાના હેતુથી આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT